SPIPA
# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા
સફલ પ્રેલ્યુડની સામે, અશરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૬૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૬૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

પંચાયત સેવાના કારકુન/કારકુન કમ ટાઈપીસ્ટની
પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા બાબત.
તા.૦૫/૦૭/૧૭ થી તા.૦૬/૦૭/૧૭

પરિપત્રક્રમાંક : પરક્ષ/૨૦૧૭/જુલાઈ/પંચાયતકારકુન/ પ.પ્ર.
તારીખ :૨૩/૦૫/૧૭

પરિપત્ર :

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે પંચાયત સેવાના કારકુન/કારકુન કમ ટાઈપીસ્ટની પૂર્વ સેવા તાલીમાન્ત તથા વર્ગ–૪માંથી વર્ગ–૩માં બઢતી માટેની ખાતાકીય પરીક્ષા તા.૦૫/૦૭/૧૭ થી તા.૦૬/૦૭/૧૭ દરમ્યાન યોજવાનું નકકી કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા કર્મચારીઓએ પરિશિષ્ટ–કમા અરજીફોર્મ ભરી તા.૧૩/૦૬/૧૭ સુધીમાં વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને મોકલવાનું રહેશે અને વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ કર્મચારીઓના અરજી ફોર્મની ખરાઈ કરી જન્મ તારીખ તેમજ મુક્તિની વિગતો સહીતની યાદી તથા અરજી પત્રકો આ સંસ્થાને **તા.૨૩/૦૬/૧૭** સુધીમાં મોકલી આપવાના રહેશે. જેથી બેઠક નંબરની ફાળવણી સમયમર્યાદામાં થઈ શકે.

પરીક્ષામાં બેસવા માટેના હાજરી પત્રક સહ ઓળખપત્રનો નમુનો પરિશિષ્ટ–**'અ'** અને પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ પરિશિષ્ટ–**'બ'** આ સાથે સામેલ છે.

પરીક્ષાના આયોજન પહેલા તમામ પરીક્ષાર્થીઓએ ફોર્મ, તેમના ફોટા (ફોર્મમાં પરીક્ષાર્થી જે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીનું સરનામું દર્શાવવુ)સાથે કચેરી ધ્વારા પ્રમાણિત કરીને પરીક્ષાના દિવસે પોતાની સાથે લાવવાના રહેશે અને પરીક્ષા ખંડમાં નિરીક્ષકને સોંપવાના રહેશે.

સ્પીપા ધ્વારા લેવાતી દરેક ખાતાકીય પરીક્ષા હેતુલક્ષી પ્રકારની રાખવાનુ નકકી થયેલ છે. પ્રસ્તુત પરીક્ષાના **પ્રશ્નપત્ર–૧ અને પ્રશ્નપત્ર–૨** હેતુલક્ષી પ્રકારના રહેશે. જયારે પ્રશ્નપત્ર–૩ વર્ણનાત્મક પ્રકારનું રહેશે.

**હેતુલક્ષી પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ :–**

(૧) પરીક્ષાનું પ્રશ્નપત્ર૧૦૦ માર્કનું રહેશે અને પ્રશ્નો ચાર વિકલ્પો સાથેનાં હેતુલક્ષી પ્રકારના રહેશે.
(૨) પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહી /OMR શીટમાં જ લખવાના રહેશે.
(૩) જવાબ Black /Blue Pen થી ફકત (•) કરીને આપવાનો રહેશે.
(૪) ઉત્તરવહી પર નિયત જગ્યાએ તમારો બેઠક નંબર અવશ્ય લખવો.
(૫) ઉત્તરવહીની ઉપર પેપર નંબર તેમજ વિષય અવશ્ય લખવો.
(૬) આ પરીક્ષામા નેગેટીવ માર્કિંગ રદ કરેલ છે.

(૭) પરીક્ષામાં મોબાઈલ અને અન્ય વિજાણુ ઉપકરણના ઉપયોગ પર પ્રતિબંધ હોવાથી પરીક્ષાર્થીઓએ તેમના મોબાઈલ અને અન્ય વિજાણુ ઉપકરણો પરીક્ષાખંડની બહાર પોતાની જવાબદારી પર મુકવાના રહેશે.

(૮) પરીક્ષાર્થીઓએ OMR શીટમા પ્રશ્નના જવાબ તરીકે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરી, એક કરતાં વધુ વર્તુળ કરવા નહી અન્યથા, આ અંગે ઉપસ્થિત થનાર પ્રશ્નોની સઘળી જવાબદારી પરીક્ષાર્થીની રહેશે.

સદરહુ પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર કર્મચારીએ પોતાના ઓળખપત્ર સાથે કેટલામી તકથી ઉપસ્થિત થાય છે તે તેમજ અગાઉ મુકિત મળેલ પ્રશ્નપત્ર નંબર, મેળવેલ ગુણ અને મુકિત કયારે મળી તેની માહિતી આપવાની રહેશે.

બિડાણ : પરિશિષ્ટ– 'અ', 'બ' અને 'ક'

(કે.એમ.ભીમજીયાણી)IAS
નાયબ મહાનિર્દેશક
સ્પીપા, અમદાવાદ

**નકલ રવાના :**

- માન.અગ્રસચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશનરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ) .....જાણ તથા જરુરી કાર્યવાહી અર્થે
- ગ્રંથપાલશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા, અમદાવાદ

# પરિશિષ્ટ–'અ'

## સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા – અમદાવાદ પરીક્ષામાં બેસનાર ઉમેદવારનું હાજરીપત્રક સહ ઓળખપત્ર

આ હાજરીપત્રક ઓળખપત્રક જરૂરી વિગતો ભરીને પરીક્ષા સમયે અચૂક સાથે લાવવું અને પરીક્ષા ખંડમાં નિરીક્ષકને સોંપવું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પરીક્ષા લેનાર સંસ્થાનું નામ | : | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | તમારો તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો અહી ચોટાડીને તે ઉપર તમારી સહી કરવી. |
| ૨. | પરીક્ષાનું નામ | : | પંચાયત સંવર્ગના કારકૂન/કારકૂન કમ ટાઈપીસ્ટની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા તા.૦૫/૦૭/૧૭ થી તા.૦૬/૦૭/૧૭ | |
| ૩. | પરીક્ષાનું સ્થળ | : | | |
| ૪. | પરીક્ષાર્થીનો બેઠક નંબર | : | | |
| ૫. | પરીક્ષાર્થીનું પુરું નામ અને હોદ્દો | : | | |
| ૬. | પરીક્ષાર્થીની કચેરીનું નામ / સરનામું – ફોન નંબર | : | | |
| ૭. | પરીક્ષાર્થીના ઘરનું સરનામું ફોન નંબર તથા મોબાઈલ નંબર | : | | |
| ૮. | પરીક્ષાર્થી અનુસૂચિત જાતિ, જનજાતિ ઉમેદવાર છે કે કેમ ? | : | | |
| ૯. | કેટલામી તકથી આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે. | : | | |
| ૧૦ | મુક્તિ મળેલ હોય તો તેની વિગત | : | | |

કચેરીના વડાની સહી / સિક્કો

# પરિશિષ્ટ –'બ'

## પંચાયત સંવર્ગના કારકૂન/કારકૂન કમ ટાસપીસ્ટની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા

### પરીક્ષાનો કાર્યક્રમ અને પરીક્ષાર્થીની હાજરીની વિગતો

| ક્રમ | તારીખ | સમય | પ્રશ્નપત્ર ૧૦૦ ગુણ ) | જવાબપોથીનો નંબર | ઉમેદવારની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૦૫/૦૭/૧૭ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | પ્રશ્નપત્ર–૧ | | |
| ૨ | ૦૫/૦૭/૧૭ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | પ્રશ્નપત્ર–૨ | | |
| ૩ | ૦૬/૦૭/૧૭ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | પ્રશ્નપત્ર–૩ | | |

<u>નોંધ</u> :– પરીક્ષાર્થી એક કરતાં વધુ તકથી બેસતો હોય અને અગાઉની પરીક્ષામાં મુકિત મળેલ હોય તો કયા પ્રશ્નપત્રમાં કયારે મુકિત મળી તે અત્રે જણાવવું.

| ક્રમ | મુકિત મળેલ પ્રશ્નપત્ર નંબર | પ્રશ્નપત્ર વિષય | મુકિત કયારે મળી જાહેરનામાનો નંબર અને તારીખ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

તા. ૧/૧/૧૯૭૦ ના પરિપત્ર ક્રમાંક: ખતપ-૧૯૬૮/૬૯-ક થી નિયત કરેલ

પરિશિષ્ટ – ક

અરજી ફોર્મ

૨૦...... ના ...................... મહિનામાં લેવાનારી .....................................................................................................ખાતાકીય પરીક્ષામાં બેસવા અંગેની અરજી

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરૂં નામ, (અટક પહેલાં લખવી) (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| ૨ | હોદ્દો, (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) | |
| ૩ | હાલમાં નોકરી કરતા હોય તે ખાતા/કચેરીનું નામ | |
| ૪ | જન્મતારીખ અને આ પરીક્ષા સમયે વય | |
| ૫ | નિમણૂંકની તારીખ અને નોકરીમાં કુલ વર્ષ (રાજ્યપત્રિત-બિન રાજ્યપત્રિત) | |
| ૬ | અગાઉની પરીક્ષામાં બેઠા છો કે કેમ? જો હા તો - | |
| | (ક) જે પરીક્ષામાં બેઠા હો તેનો મહિનો અને વર્ષ | |
| | (ખ) કંઇ મુક્તિ મેળવી છે કે કેમ? જો હા તો ગુણ પરીક્ષાનું વર્ષ અને વિષય અંગેની વિગતો જણાવો | |
| | (ગ) મેળવેલી મુક્તિનો લાભ લેવા ઇચ્છો છો કે કેમ? "હા" અથવા "ના" લખો. (અહી કરેલી પસંદગીને આખરી ગણવામાં આવશે અને તેમાં કંઇ ફેરફાર કરવાની છૂટ આપવામાં આવશે નહિ.) | |
| ૭ | જે અનુસાર પરીક્ષામાં બેસવાનું થતું હોય તે સત્તા અથવા નિયમ | |
| ૮ | જેમાં પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે તક-સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા- તારીખ અને પાત્રતા પૂરી થયાની તારીખ જણાવવી | |
| ૯ | પૂરી થયેલી પ્રયાસ સંખ્યા | |
| ૧૦ | વધારાની (ખાસ) તક અપાઇ છે કે કેમ (જે અનુસાર વધારાની (ખાસ) તક અપાઇ હોય તે હુકમ નંબર અને તારીખ નિર્દિષ્ટ કરી તેની એક નકલ મોકલવી.) | |
| ૧૧ | વય અથવા નોકરીની મર્યાદામાં છૂટછાટ મૂકતા સત્તા ધરાવતા અધિકારીઓ હુકમ નંબર અને તારીખ (હુકમની નકલ મોકલવી) | |
| ૧૨ | પરીક્ષા પાસ કરવાનો હેતુ (દા.ત. કાયમી રાખવું, સરકારી નોકરીમાં ચાલુ રહી શકવું કે બઢતી વગેરે) | |
| ૧૩ | ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં બેસવા પાત્ર છે કે કેમ? | |
| ૧૪ | શેરો, કઇ હોય તો. | |

સ્થળ : .....................................

તારીખ : .....................................

(ઉમેદવારની સહી)

પાત્રતા પ્રમાણ

" પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરની વિગતો અંગે ખરાઇ કરવામાં આવી છે અને તે ખરી જણાઇ છે શ્રી ........................................................................ સન ........................................... માં લેવાનારી પરીક્ષામાં બેસતા માટે પાત્ર છે.

તારીખ :

(ખાતા/કચેરીના વડાની સહી અને હોદ્દો)